ashirvad foundation
Serving Humanity Since 1977

# Ashirvad Foundation

Regd. No.: E/3141/Ahmedabad

**મા. ચેરીટી કમિશનર સાહેબના તા. ૨૯-૪-૨૦૨૧ ના હુકમથી સંસ્થાનુ નામ "આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ" બદલીને "આશીર્વાદ ફાઉન્ડેશન" ને મંજુરી આપવામાં આવી છે.**

# વાર્ષિક અહેવાલ

વર્ષ ૨૦૨૦-૨૧

"Joining our mission is the most Impactful way to give"

Donations to Trust is eligible u/s 80G vide
URN : AAATA5858NF19783.

Companies Act, 2013 CSR eligibility
vide Registration Number : CSR00013876

**For the convinience of non-Gujarati Patients and Well Wishers :-**

Given short English version on every relevant pages of this report.

# અનુક્રમ

# Index

| | | |
|---|---|---|
| ૧. | અનુક્રમ | ૨ |
| ૨. | ટ્રસ્ટી મંડળ તથા કમિટી સભ્યો | ૩ |
| ૩. | નવા સરનામાની નોંધ | ૪ |
| ૪. | કુલ દર્દીઓની સંખ્યા ૨૦૨૦-૨૧ અને આજ સુધી | ૫ |
| ૫. | આપનો સહકાર, અમારી શક્તિ | ૬ |
| ૬. | માનવ સેવામાં અગ્રેસર - આશીર્વાદ ફાઉન્ડેશન | ૭ |
| ૭. | વિનામૂલ્યે ડ્રાઈવ થ્રુ વેક્સિન સેન્ટર | ૮-૧૨ |
| ૮. | વિનામૂલ્યે સેનેટાઈઝર પ્રોજેક્ટ | ૧૩-૧૫ |
| ૯. | વિનામૂલ્યે ઓક્સિજન સિલિન્ડર્સ - કોન્સન્ટ્રેટર્સ | ૧૬ |
| ૧૦. | વિનામૂલ્યે રાશન કીટ વિતરણ | ૧૭ |
| ૧૧. | દવા વિતરણ – હોમ ડિલીવરી | ૧૮ |
| ૧૨. | સ્તન - ગર્ભાશય કેન્સર પ્રોજેક્ટ | ૧૯-૨૬ |
| ૧૩. | ધરતીરત્ન એવોર્ડ અને કેરીયર ઈન મેડીસીન | ૨૭ |
| ૧૪. | વિભાગીય સેવાઓના નામકરણ દાતાશ્રી | ૨૮ |
| ૧૫. | માનવ સેવાના અમારા ગૌરવવંતા ભાગીદારો | ૨૯ |
| ૧૬. | નિષ્ણાંત તબીબોનું સેવા પત્રક | ૩૦ |
| ૧૭. | મેડીકલ મોબાઈલ વાન | ૩૧ |
| ૧૮. | આર.એસ.પટેલ ચેરીટી – નવરંગપુરા | ૩૨ |
| ૧૯. | આશીર્વાદ રીડીંગ રૂમ - ચાંદલોડીયા | ૩૩ |
| ૨૦. | મેરેજ બ્યુરો સેવાઓ | ૩૪ |
| ૨૧. | વર્ષ ૨૦૨૦-૨૧ આવક ખર્ચ | ૩૫-૩૬ |
| ૨૧. | દાતાઓનું ઋણ સ્વિકાર | ૩૭-૩૯ |
| ૨૩. | કાયદાકીય માન્યતાઓ | ૪૦ |

# ટ્રસ્ટી મંડળ તથા કમિટી સભ્યો

## Trustees & Committee Members

### ટ્રસ્ટી મંડળ



CA આર એસ પટેલ, પ્રમુખ
(B Com., LLB, FCA)



ડૉ. કિરણ સી. પટેલ, ઉપપ્રમુખ
(M.S. Ortho.)



ડૉ. કૃષ્ણકાંત એમ. પટેલ, સેક્રેટરી
(M.B.B.S.)

### કમિટી સભ્યો



શ્રીમતી હીનાબહેન એમ. જરીવાલા
(B.Pharma, DBA)



CA જનીશ જે. પટેલ
(B.Com., FCA)



Dr. એન. કે. પરીખ
(ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ)



શ્રી અરવિંદભાઈ એમ. પટેલ
(B.A., B.Com., L.L.B.)



શ્રી ગિરીશભાઈ જે. પટેલ
(B.Sc., M.Ed.)



શ્રી રમણભાઈ જે. પટેલ
ઈન્ડિકા લેબોરેટરી

**"People do not care, how much you know.
But they want to know, how much you care."**
**- Mr. Khera**

# નવા સરનામાની નોંધ લેવા વિનંતી

આશીર્વાદ ફાઉન્ડેશન

**પર, નાથાલાલ સોસાયટી, સરદાર પટેલ કોલોની પાસે, કેતન સોસાયટી સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.**

સંસ્થાને ઉપરોક્ત મકાન પ્રમુખ શ્રી આર. એસ. પટેલ તથા શ્રીમતી કુસુમ આર. પટેલ દ્વારા વિના ભાડે આપવા માટે સંસ્થા તેમની ઋણી છે.

સંસ્થા તા.15-10-2021ના રોજથી ઉપરોક્ત મકાનમાં કાર્યરત થઈ ગઈ છે.

**52, Nathalal Society, Nr. Sardar Patel Colony, Opp. Ketan Society, Navarangpura, Ahmeadbad - 380014.**

Ashirvad Foundation is grateful to the president Shri R. S. Patel & Smt. Kusum R. Patel for giving their premises without rent to the trust. Trust has started functioning in the said building w e f. 15-10-2021.

## કુલ દર્દીઓની સંખ્યા ૨૦૨૦-૨૧

| અનુ. | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | મેડીકલ ડાયગ્નોસ્ટીક પેશન્ટ | ૧૮૨૧૪ |
| ૨ | મેડીકલ કેમ્પ | ૪૯૩૬ |
| ૩ | મોબાઈલ વાન | ૧૭૦૯૪ |
| ૪ | રીડીંગ રૂમ (લાઈબ્રેરી) | ૫૩૫ |
| ૫ | મેરેજ બ્યુરો | ૨૬૫ |
| ૬ | ફાર્મસી | ૪૬૩૦૬ |
| | ટોટલ | ૮૭૩૫૦ |

### Year wise Beneficiaries of Ashirvad Foundation

| Sr. No. | Year | Total | Sr. No. | Year | Total | Sr. No. | Year | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1996-97 | 10,225.00 | 10 | 2005-06 | 14,528.00 | 19 | 2014-15 | 21,288.00 |
| 2 | 1997-98 | 14,642.00 | 11 | 2006-07 | 12,130.00 | 20 | 2015-16 | 20,713.00 |
| 3 | 1998-99 | 16,913.00 | 12 | 2007-08 | 12,017.00 | 21 | 2016-17 | 107,248.00 |
| 4 | 1999-00 | 27,521.00 | 13 | 2008-09 | 14,442.00 | 22 | 2017-18 | 113,400.00 |
| 5 | 2000-01 | 34,804.00 | 14 | 2009-10 | 13,462.00 | 23 | 2018-19 | 130,624.00 |
| 6 | 2001-02 | 34,555.00 | 15 | 2010-11 | 8,461.00 | 24 | 2019-20 | 114,879.00 |
| 7 | 2002-03 | 28,828.00 | 16 | 2011-12 | 15,726.00 | 25 | 2020-21 | 87,350.00 |
| 8 | 2003-04 | 20,351.00 | 17 | 2012-13 | 20,514.00 | Total - 9,31,639 | | |
| 9 | 2004-05 | 15,138.00 | 18 | 2013-14 | 21,880.00 | | | |

# આશીર્વાદ ફાઉન્ડેશન

## Ashirvad Foundation

# "આપનો સહકાર અમારી શક્તિ"

'હવે બિમારીમાં નહી
થાય કોઈ લાચાર
નહિવત ખર્ચે
"આશીર્વાદ"
થકી થશે
ઉપચાર'

સત્કર્મ એ એક
આશીર્વાદ છે.

પ્રાર્થના પ્રભુ સાથેની
હોટલાઈન છે.
-પ્રમુખ સ્વામી મહારાજ

નાના નાના 'દાન'
માનવસેવાના ઝરણાં
બનીને છેવટે કરૂણાનો
દરિયો બને છે.
'આરેશ'

Contacts:
9408507102
E-mail:
ashirvad.trust@gmail.com
Phone:
(079) 29998918

'ધન' એ ગણિતની
વાત છે ત્યાં હૃદયને
સ્થાન નથી.
'દાન' એ હૃદયની વાત છે
ત્યાં ગણિતને સ્થાન નથી.
'આરેશ'

આપણી "દાનત"
ચમત્કારીક રીતે આપણો
સ્વભાવ બની જાય છે.
આપણું "દાન" ચમત્કારીક
રીતે આપણો જીવાનંદ
બની જાય છે.

'Nownobody
should feel helpless,
"Ashirvad"
to help at
minimal cost.

"આજનો માનવી આધી, વ્યાધિ ને ઉપાધિની ચિંતાઓથી લદાયેલો,
રૂપિયો કમાતા કમાતા પરચૂરણની માફક વેરાઈ જાય છે."
(સુરેશ દલાલ)

આશીર્વાદ ફાઉન્ડેશન આવા પરચૂરણની માફક વેરાઈ ગયેલા માનવીને રૂપિયો કમાતા કરવાની તેની ઈચ્છા શક્તિને પ્રજવલ્લિત કરવાના ભાગીદાર બનવાનું ગૌરવ ધરાવે છે.




## કોરોના મહામારીની લડાઈના એક સૈનિક - આશીર્વાદ ફાઉન્ડેશન

**સંસ્થાએ કોરોનાની લડાઈમાં ચાલુ વર્ષે મેડીકલ વિભાગમાંથી રૂા. ૫૪,૫૨,૯૩૦/- નો અને ફાર્મસી વિભાગમાંથી રૂા. ૧૨,૬૩,૩૮૬/- તેમ કુલ રૂા. ૬૭,૧૬,૩૧૬/- નો ખર્ચ કરેલ છે.**

- **વિનામૂલ્યે ડ્રાઈવ થ્રુ વેક્સિન સેન્ટર**
- **વિનામૂલ્યે ૧ લાખ સેનેટાઈઝર**
- **વિનામૂલ્યે ઑક્સિજન સિલિન્ડર**
- **વિનામૂલ્યે કોન્સન્ટ્રેટર**
- **વિનામૂલ્યે રાશનકીટ**
- **૨૪/૭ દવાઓની હોમ ડિલીવરી**

- દુનિયાના આધુનિક સમાજ દ્વારા દુનિયાની સૌથી મોટી એવી મહામારીનો સામનો કોવિડ મહામારી સામે સરખાવી શકાય તેવો ઈતિહાસમાં એક પણ મહામારીનો પુરાવો નથી. આશીર્વાદ ફાઉન્ડેશન વિશ્વાસથી માને છે કે કોવિડ મહામારીની અસર ઓછામાં ઓછી થાય તેના માટે આપણે સૌએ ભેગા મળી ફક્ત લડવાનું જ નથી પરંતુ - આવા અસાધારણ સમયમાં સમાજના નીચલા સ્તરના લોકોને આ મહામારી સામે રક્ષણ પૂરું પાડવા સામાજિક ન્યાય અને માનવતા વચ્ચે સંતુલન જળવાય તે રીતે લડવાનું છે.

**Trust spent Rs. 67,16,316 during the year to fight against Corona Pandemic.**

- Modern global society as not confronted a crisis of this magnitude and type. Ashirvad Foundation believes that we must all work together to not only deal with this crisis and minimise impact particularly on disadvantaged but also learn from this extraordinary times to develop a more resilience based on social justice, equity and humaneon sustainibility.

# વિનામુલ્યે ડ્રાઈવ થ્રુ વેક્સીનેશન સેન્ટર

## Free Drive Thru Vaccination Center

- કોવિડ મહામારીના સમયમાં અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સૌપ્રથમ ડ્રાઈવ થ્રુ વેક્સિન સેન્ટર, અમદાવાદના નવરંગપુરા ખાતેના સરદાર પટેલ સ્ટેડિયમમાં ડ્રાઈવ થ્રુ સેન્ટરની વ્યવસ્થા સંભાળવામાં આવી. પ્રથમ અઠવાડીયામાં જ ૧૦૦૦૦ જેટલી વેક્સીન આપવાનું ઉમદા કાર્ય કરવાનું સૌજન્ય પ્રાપ્ત થયું.




Vaccinator:
Mrugaben Patel (Staff Member)



Vaccinator:
Ashmita Dabhi (Staff Member)

## અમદાવાદની જનતાનો આભાર

સરદાર પટેલ સ્ટેડિયમથી સરદારના બાવલા થઈને ઉસ્માનપુરા અંડરબ્રીજ અને આશ્રમ રોડના નવા બ્રીજ સુધીની ૩ કલાક વેઈટીંગની લાઈનમાં અમદાવાદની જનતાએ ઉભા રહીને જે શિસ્તનું પાલન કર્યું અને આશીર્વાદ ફાઉન્ડેશન પ્રથમ અઠવાડિયામાં ૧૦૦૦૦ વેક્સિન આપવાનો રેકોર્ડ કરી શક્યું તેના માટે આ ડ્રાઈવ થ્રુ સેન્ટર ઉપરથી વેક્સિન લેનાર સૌના આભારી છીએ.

# વિનામુલ્યે ડ્રાઇવ થ્રુ વેક્શીનેશન સેન્ટર

## Free Drive Thru Vaccination Center



Shri Het Modi

Vaccinator:
Riddhi Dhobi



Vaccinator:
Kalpanaben Shah
(Staff Member)



દિવ્ય ભાસ્કર

divyabhaskar.com

અમદાવાદ, સોમવાર, 10 મે, 2021

**ડ્રાઇવ થ્રુ વેક્સિનેશનમાં ગાડીઓની 1 કિમી લાંબી લાઇન, 1 જ દિવસમાં 1779 લોકોએ રસી મુકાવી**





Vaccinator:
Sunita Sharma

# વિનામુલ્યે ડ્રાઇવ થ્રુ વેક્સીનેશન સેન્ટર

## Free Drive Thru Vaccination Center








S OF INDIA

INDIA'S LARGEST ENGLISH NEWSPAPER

NETANYAHU SAYS ISRAEL FIRM ON JERUSALEM AS GLOBAL CONCERN OVER VIOLENCE MOUNTS

West A'bad records 65% corona cases, east sees 68% deaths

Himanshu Kaushik

Ahmedabad: The corona pandemic is playing rather differently in the city of Ahmedabad. Ironic it may seem but while west Ahmedabad has recorded 65% of the Covid-positive cases during the pandemic but it was east Ahmedabad where majority 68% deaths were recorded. The western part, which had 31% of the city's ... cases as on June 13 of 2020, is now a Covid hotspot. On May 7, the west accounted for 65% of the ...

A medic inoculates a man at a drive-in vaccine campaign in Ahmedabad



કોરોના વેક્સિનેશન માટે ડ્રાઇવ થ્રુ શ...

Divya Bhaskar

**"અનેકના દુ:ખ વિખેરવા મુખ ઉપર સ્મિત ફરકાવતા રહેજો.**
**આ વિશ્વમાં સાધનો ક્યારેય ઓછા નથી હોતા,**
**સાધકો જ ઓછા પડે છે."**
**(જૈનાચાર્ય શ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજ)**

# વિનામુલ્યે ડ્રાઇવ થ્રુ વેક્શીનેશન સેન્ટર

## Free Drive Thru Vaccination Center




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન – સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, ડેપ્યુટી કમિશનર શ્રી રાહુલભાઈ શાહ તથા અન્ય અધિકારીઓ સાથે આશીર્વાદ ફાઉન્ડેશનના પ્રેસીડેન્ટ શ્રી આર. એસ. પટેલ, ટ્રસ્ટી શ્રી કેતુલ પટેલ તથા શ્રીમતી હિનાબેન જરીવાલા.







**"ખૂદને ખરાબ કહેવની હિંમત નથી રહીં,**
**તેથી સૌ કહે છે, જમાનો ખરાબ છે."**

**મરિઝ**

# ટીમ વેક્સીનેશન

**શ્રી આર. એસ. પટેલ, પ્રમુખ, શ્રી કેતુલ પટેલ (ટ્રસ્ટી) – ટીમ લીડર, શ્રીમતી હીનાબેન જરીવાલા, શ્રી ગીરીશભાઈ પટેલ - કમિટી મેમ્બર**

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | પ્રિતેશ રાવલ - મેનેજર |
| ૨ | મયુરભાઈ ચૌહાણ |
| ૩ | હિતેન્દ્રભાઈ પ્રજાપતિ |
| ૪ | રોહન જૈન |
| ૫ | અજય શ્રીવાસ |
| ૬ | અરુણા સોલંકી |
| ૭ | આશિષ પંચાલ |
| ૮ | ભાવિન દરજી |
| ૯ | ભૂમિકા સાલ્વી |
| ૧૦ | ચિરાગ પ્રજાપતિ |
| ૧૧ | ધર્મેન્દ્ર |
| ૧૨ | ધ્રુવ ગોહિલ |
| ૧૩ | દિવ્યા જાદવ |
| ૧૪ | હાર્દિક પ્રજાપતિ |
| ૧૫ | હીના પટેલ |
| ૧૬ | હેત મોદી |
| ૧૭ | ઈશાન ગોહિલ |
| ૧૮ | જયદીપ અમીન |
| ૧૯ | જીલેશ શ્રીમાળી |
| ૨૦ | જીમેશ પટેલ |
| ૨૧ | જ્યોતિ પટેલ |
| ૨૨ | કેતન સાલ્વી |
| ૨૩ | કેવલ પટેલ |

| ક્રમ | નામ |
|---|---|
| ૨૪ | ખુશાલ મોદી |
| ૨૫ | કિરણ પટની |
| ૨૬ | મિત મુથ્થા |
| ૨૭ | નિલય રાવલ |
| ૨૮ | પાયલ રાણા |
| ૨૯ | પ્રજ્ઞેશ પટેલ |
| ૩૦ | પ્રકાશ ગોરીયા |
| ૩૧ | પ્રણવ પટેલ |
| ૩૨ | રાજ પ્રજાપતિ |
| ૩૩ | રિધ્ધિ ધોબી |
| ૩૪ | રીમા સોની |
| ૩૫ | રોહન પલાદીયા |
| ૩૬ | રોમિક પટેલ |
| ૩૭ | સાગર પંચાલ |
| ૩૮ | સુરભી પટેલ |
| ૩૯ | તરુણ વસીટા |
| ૪૦ | તીર્થ પટેલ |
| ૪૧ | મીરાબા |
| ૪૨ | ભુવનેશ્વરી બા |
| ૪૩ | આરતીબેન પરમાર |
| ૪૪ | હંસાબેન પઢીયાર |
| ૪૫ | દિવ્યા ચૌહાણ |
| ૪૬ | કલ્પનાબેન શાહ |

# વિનામુલ્યે સેનેટાઇઝર પ્રોજેક્ટ

# Free Sanitizers Project

### »» 'કોવિડ' મહામારીની લડાઈના એક સૈનિક - આશીર્વાદ ફાઉન્ડેશન ««

### »» Ashirvad Foundation as Warrior of Corona ««

(૧) આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા પ્રથમ લોકડાઉનના ૧૫ દિવસમાં ફૂડ પેકેટ તથા અનાજ કિટ વિતરણની સેવાઓ હાથ ધરવામાં આવી. આ ઉપરાંત એક માસના સમયગાળામાં સેનિટાઈઝરની ૫૦ ml નાં ૧,૦૦,૦૦૦ અને ૧૦૦ ml નાં ૧૦,૦૦૦ પેક બનાવીને વિનામૂલ્યે નીચેની સંસ્થાઓને વહેંચવામાં આવ્યાં.




- SVP હોસ્પિટલ - અમદાવાદ
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
- ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન
- રેડ ક્રોસ સોસાયટી - અમદાવાદ (થેલેસેમમિયાનાં બાળકો માટે)
- ૧૫થી વધુ પબ્લિક ટ્રસ્ટ
- આ ઉપરાંત ૧ લિટર તથા ૫ લિટર સેનેટાઈઝરનાં લિક્વિડ પેકિંગ બજાર કિંમતના ૩૦%થી ૫૦%ના રાહતદરે જરૂરિયાતમંદ લાભાર્થીઓને આપવામાં આવ્યાં.

### 1) Free Distribution of Sanitizers.

With a view to help fight against CORONA, Ashirvad Foundation distributed 1,00,000 units of 50 ML pack of sanitizers to poor and needy people especially lower strata of society and also to policemen and front line Health workers like doctors, and back office staff of Hospitals discharging their duties risking their lives.

Further 50,000 packs of 50 ML is being distributed at subsidized rates.

Free distribution of sanitizers were made to following institutions:

(I) Ahmedabad Municiple Corporation,

(ii) SVP Hospitals V. S. Hospitals Compound, Ahmedabad,

(iii) All India Medical Association

(iv) Red Cross Blood Bank Ahmedabad for Thalassemia Patients

(v) Fruits and vegitable vendors

(vi) More than 20 public trusts rendering medical services.

Letters of Appreciation received are attached herewith.

# વિનામુલ્યે સેનેટાઈઝર પ્રોજેક્ટ

## Free Sanitizers Project

### કોરોના વેક્સિનેશન સેવાકાર્યના પ્રસંશા પત્રો


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

Phone Office +91-79-25391811 to 25391830, Fax +91-79-25350926

તારીખ ૦૭/૦૪/૨૦૨૦

પ્રતિ,

પ્રેસિડન્ટશ્રી આર.એસ પટેલ

આશિર્વાદ ફાઉન્ડેશન

બી.ડી.પટેલ હાઉસ, નારણપુરા,


અમદાવાદ.

મહોદયશ્રી;

વૈશ્વિક મહામારી કોરોના વાયરસ (કોવિડ-૧૯)નાં સંક્રમણને રોકવાનાં સઘન પ્રયાસોનાં ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૫૦ મિ.લિ.નાં ૫,૦૦૦ નંગ સેનીટાઈઝર આપના સૌજન્યથી આપવામાં આવેલ છે, જેનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શાકભાજી / ફળફળાદીનું વેચાણ કરતા શેરી ફેરીયાઓને વિના મુલ્યે વિતરણ કરવામાં આવેલ છે. આપશ્રીની વિનમ્ર સેવા થકી કોરોના વાયરસ (કોવિડ-૧૯)નાં સંક્રમણને ફેલાતું અટકાવવાની લડતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તમામ હકારાત્મક પ્રયત્નો સાથેની કામગીરી હાથ ધરેલ છે.

આપના અમુલ્ય ફાળા તથા સહકાર માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સમગ્ર ટીમ તથા લાભાર્થીઓ વતી આપનુ અભિવાદન તથા આભાર.

ચીફ સીટી પ્લાનર/એસ્ટેટ ઓફિસર


SVP

SARDAR VALLABHBHAI PATEL INSTITUTE OF MEDICAL SCIENCES & RESEARCH (SVPIMSR)

Dear Mr R S Patel,
President,
Ashirwad Foundation,
BD Patel house
Naranpura
Ahmedabad.

Greetings!

On behalf of the Sardar Vallabhbhai Patel Institute of Medical science and research, we want to extend our sincere gratitude to extend your generous contribution to serve sanitizer 50ml 10,000 numbers for SVP staff members. Your very generous services will surely have significant impact on helping the covid-19 situation and fighting against it.

On behalf of the organisation and our beneficiaries, we want to thank you for helping us make a positive change. Your generous support encourages our organizations continued commitment to reaching our goals.

Thank you so much for your kindness and generosity.

Regards,

Mr. Ramyakumar Bhatt
Chief Executive Officer
SVP Hospital


INDIAN MEDICAL ASSOCIATION

GUJARAT STATE BRANCH

Date:28/4/20

To,

Trustee
Ashirvad Foundation,
Ahmedabad

Respected Sir,

At present our country is going through National Crisis of COVID-19. Our doctors are the frontline workers for the safety of our Countryman with risking their lives.

The N95 mask, PPE kit and Hand Sanitizer would be protective gear for safety and IMA GSB will provide directly, Government approved kit to all frontline Resident Doctors and Doctor of Civil Hospital, V.S. and allied Hospitals, Sola civil Hospital, G.C.S. Hospital, Medical Colleges and Hospitals of other districts also.

Sir, we are thankful to you for your help us in this noble cause by donating 28 boxes, each of 144 Hand Sanitizer tubes, total 4,032 Hand Sanitizer tubes for IMA Gujarat State Branch which are to be distributed as mentioned above places, free of cost.

Our whole fraternity will be thankful to you for this Noble deed.

For any assistance/inquiry, you may please contact Dr. Tushar Patel, Chairman, IMA Vijay COVID-19 Mission, on Mobile No:9825082572.

Thanking You.

Your Sincerely,

Dr. Kamlesh B. Saini

Hon. State Secretary


INDIAN RED CROSS SOCIETY

AHMEDABAD DISTRICT BRANCH

• CHAMPABEN CHUDGAR BLOOD FOUNDATION
• SHETH KANAIYALAL BLOOD BANK

President The Collector Ahmedabad Dist., Ahmedabad | Chairman Kiran Chudgar | Vice Chairman Dr. Harshad Shah M.D., D.M.R.E. FICR | Hon. Treasurer Rashmikant Shah

IRCS/AHD/399 /2020 09/07/2020

પ્રતિ,

શ્રી આર.એસ.પટેલ (C.A)

પ્રમુખ,

આશીર્વાદ ફાઉન્ડેશન,

નારણપુરા.

આશીર્વાદ ફાઉન્ડેશન ,અમદાવાદ દ્વારા કોરોના વાયરસ વૈશ્વિક મહામારી ના સમયમાં ૧૪૪૦ સેનેટાઇઝર બોટલ આપ તરફથી રેડક્રોસ સંસ્થાને મળેલ છે. આ સેનેટાઇઝર ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે આપવાનો જે પ્રોજેક્ટ છે તેને રેડક્રોસ ,અમદાવાદ પરિવાર બીરદાવે છે.

રેડક્રોસમાં રક્તદાન કરવા માટે આવતા રક્તદાતાઓ અને જેમનું જીવન બ્લડ ચડાવ્યા વગર શક્ય નથી તેવા થેલેસીમિયા મેજર બાળકોને તેમની વ્યક્તિગત સ્વચ્છતા જાળવી રાખવા માટે આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સેનેટાઇઝરનું દાન મળેલ છે એ ખરેખર ખુબ જ ઉપયોગી થાય છે.અમદાવાદ રેડક્રોસ આ માટે આપનો અને આશીર્વાદ ફાઉન્ડેશનનો આભારી છે. આશીર્વાદ ફાઉન્ડેશન થેલેસીમીયા જાગૃતિ માટે તથા નિયમિત રક્તદાન શિબિરનું આયોજન કરીને માનવતાવાદી કાર્યમાં રેડક્રોસનું ભાગીદાર રહ્યું છે. તેમજ આ મહામારીના સમયમાં આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા રેડક્રોસ પરિવારની જે મદદ કરવામાં આવેલ છે જેની રેડક્રોસ સંસ્થા નોંધ લે છે. ભવિષ્યમાં પણ આશીર્વાદ ફાઉન્ડેશનનો સાથ અને સહકાર મળતો રહેશે તેવા જ વિશ્વાસ સાથે.

રેડક્રોસની સેવામાં,

ડૉ.વિશ્વાસ કે.અમીન

જનરલ સેક્રેટરી

# વિનામુલ્યે સેનેટાઈઝર પ્રોજેક્ટ

## Free Sanitizers Project

**અમદાવાદ એકતા રિક્ષાચાલક એશોશીએશનના રીક્ષાચાલકના કુટુંબની બહેનો માટે વિનામૂલ્યે કેન્સર નિદાન કુપન વિતરણ સમારોહ**




**તાજેતરમાં સંસ્થા દ્વારા ૧૮૦૦ રીક્ષાચાલકોના કુટુંબની બહેનો માટે સ્તન અને ગર્ભાશય કેન્સર નિદાનની વિનામૂલ્યે કુપનો વહેંચવામાં આવી.**




**દરેક રિક્ષાચાલકને એક માસ માટે તેમના રિક્ષાયાત્રીઓના ઉપયોગ માટે સેનેટાઈઝર ટ્યુબની વિનામૂલ્યે સુવિધા ઉપલબ્ધ કરાઈ.**




**"જીંદગીમાં જે માંગીએ છીએ તે બધું જ નથી મળતું અને જે મળે છે તેમાંનું ઘણું બધું માંગેલું પણ નથી હોતુ."**

# વિનામૂલ્યે ઓક્સિજન સિલિન્ડર્સ અને કોન્સન્ટ્રેટર્સ

Ashirvad Team of Corona Warriors
Oxygen cylinders - concentrators

**For Continued Service During Lockdown Till Date**












**Ashirvad Oxygen Cylinder & Concentrators**

**available free of charge 24/7.**

Aashirvad Foundation
B. D. Patel House, Ground Floor,
Nr. S. P. Colony, Naranpura, Ahmedabad.
M.: 94085 07102 (O): 079-27682405
E-mail: ashirvad.trust@gmail.com ● www.ashirvadfoundation.org

ashirvad foundation



**કોરોના લડાઈના હીરો**
**આશીર્વાદ ડૉક્ટર્સ અને ફાર્મસી ટીમ**

# રાશન કીટ વિતરણ












આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા પ્રથમ લોકડાઉનના પંદર દિવસમાં જ ૧૦૦૦ ફૂડ પેકેટ તથા રાશન કીટ વિતરણની સેવાઓ હાથ ધરવામાં આવી. અમદાવાદના ભાટ ગામ નજીક ઈન્દીરાબ્રીજની બાજુમાં આવેલ વસાહતમાં રાશન કીટની વહેંચણી દરમિયાન લૂંટફાટ થવાથી હાંસોલ પોલીસ સ્ટેશનની મદદથી વહેંચણી સંપન્ન થઈ શકી. કીટના દાતાશ્રી ફાલ્ગુન ભટ્ટ અને અન્ય સ્ટાફ દ્વારા કોરોના લડાઈના એક સૈનિક તરીકેની સેવાઓ માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.

# કોરોના મહામારીમાં ૨૪/૭ રાહતદરે દવા વિતરણ તથા હોમ ડિલીવરી

કોરોના મહામારીની લડાઈમાં આશીર્વાદ ફાર્મસીના સ્ટાફે મોતને મુઠ્ઠીમાં લઈ ૨૪/૭ દવાઓ, ઑક્સિજન સિલિન્ડર્સ તથા કોન્સન્ટ્રેટર્સની હોમ ડિલીવરી કરવામાં પાછી પાની ન કરી.






**સંસ્થાને ૨૦ વર્ષથી સેવા આપતા અને ૩૦ વર્ષથી વધુ નર્સિંગ અનુભવ ધરાવતા કલ્પનાબેન શાહ, જીજ્ઞાબેન સોની, મૃગાબેન પટેલ, અસ્મિતાબેન ડાભી તથા સુનિતાબેન શર્મા દ્વારા કોરોના મહામારીના સૈનિકો તરીકે જે સેવાઓ બજાવી છે તેના માટે સંસ્થા ગૌરવ અનુભવે છે.**

Ashirvad Pharmacy-Provides
all standard companies Medicines
15% discount and Generic Medicines upto 90% Discounts.

# સંથાની ગૌરવવંતી સેવાઓ

**Flagship Services of Trust**

## સ્ત્રીઓના સ્તન - ગર્ભાશય કેન્સર નિદાન અભિયાન

**ખ્યાતિ કેમિકલ્સ પ્રા.લિ.ના સહયોગથી...**

# વિમેન વેલનેસ ક્લિનિક

**Women Breast & Cervical Cancer Diagnostic Project**

સ્તન મેમોગ્રાફી તથા સોનોગ્રાફી રૂા. ૨૫૦૦/- ના બજારભાવ સામે રૂા. ૩૦૦/- માં કરી આપવામાં આવે છે.

વિનામૂલ્યે કેન્સર જાગૃતિ અભિયાન પ્રોગ્રામ

સ્ત્રીઓના કેન્સરનું ફુલ ચેકઅપ બજારભાવના રૂા. ૬૦૦૦/- ના સામે ફક્ત રૂા. ૧૦૦૦/- માં કરી આપવામાં આવે છે.



# દિવ્ય પથ કેમ્પસ ખાતે યોજાયેલ વિમેન વેલનેસ અવેરનેસ કેમ્પ




**સંસ્થાના પ્રમુખ શ્રી આર.એસ. પટેલ તથા કમિટી સભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ તથા શ્રી ગિરીશભાઈ પટેલ હાજર રહ્યા. દિવ્યપથ શાળાના ટ્રસ્ટી શ્રી સંજયભાઈ પટેલ દ્વારા પ્રતિભાવ...**

## સ્તન અને ગર્ભાશય કેન્સરનું અતિરાહત દરે/ વિનામૂલ્યે નિદાન

સ્તન અને ગર્ભશિય કેન્સરનો સ્ત્રીઓનો રોગ કોઈપણ પ્રકારના દર્દ સિવાય શરીરમાં પ્રવેશતો હોવાથી જો તેના મેડીકલ ટેસ્ટ કરવામાં ન આવે તો તે ચોથા તબક્કા સુધી પહોંચી જાય છે. આ તબક્કામાં પહોંચેલ આ રોગનો ઈલાજ ખૂબ જ ખર્ચાળ હોય છે. મધ્યમ વર્ગનું કુટુંબ આવી પરિસ્થિતિમાં, અસહ્ય નાણાંકીય ખર્ચ સાથે, દર્દી માટે અસહ્ય પીડા ઉપરાંત અનેક પાયમાલીનો ભોગ બને છે. આથી ૩૫ વર્ષથી વધુ ઉંમરની બહેનોએ આ ટેસ્ટ દર વર્ષે કરાવવો અનિવાર્ય છે. શરૂઆતના ત્રણ તબક્કા સુધી જો આ રોગનું નિદાન થાય તો ૯૦% દર્દીઓ સાજા થઈ શકે છે.

★ આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા પહેલ કરીને આ દર્દના નિદાન માટે નીચેની ત્રણ યોજનાઓ કરી છે.

- આ પ્રકારના કેન્સરના ફૂલ ચેકઅપ દ્વારા આ નિદાન માટે છ પ્રકારના ટેસ્ટ જેની બજાર કિંમત રૂા. ૬૦૦૦/- છે. જે ફક્ત રૂા. ૧૦૦૦/- માં કરવામાં આવે છે.
- સ્તનની મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા કેન્સરના નિદાનની બજાર કિંમત રૂા. ૨૫૦૦/- છે જે ફક્ત રૂા. ૩૦૦/- માં કરવામાં આવે છે.
- ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ જેમને રૂા. ૩૦૦/- નો ખર્ચ પણ ન પોષાય તેવા તમામ દર્દીઓને આ નિદાનની સેવાઓ વિનામૂલ્યે અપાય છે.

આશીર્વાદ ફાઉન્ડેશન - કેન્સર નિદાન અભિયાન

## વર્ષ ૨૦૨૦-૨૧

# વિમેન વેલનેસ ક્લિનિક

## Women Breast & Cervical Cancer Diognastic Project

**કેન્સર નિદાન અભિયાનના સ્પોન્સર્સ....**

**ખ્યાતિ કેમિકલ્સ પ્રા. લિ.**

**અવિરત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.** **ભુદરદાસ સેવાનિધિ ચેરિટેબલ ટ્રસ્ટ**

વિમેન કેન્સર ક્લિનિક મોબાઈલવાનના દાતા:

**સ્વ.અશોકભાઈ તથા શ્રીમતિ અનિલાબેન ઝવેરી પરિવાર**




**વિમેન વેલનેસ ક્લિનિક મોબાઈલવાન અમદાવાદની આસપાસનાં ગામડાંઓમાંથી સ્તન અને ગર્ભાશયના કેન્સર નિદાન માટે દર્દીઓને વિનામૂલ્યે લાવવા મૂકવાની સેવાઓ આપે છે.**

# વિનામૂલ્યે કેન્સર જાગૃતિ તથા મેડિકલ કેમ્પ અભિયાન

## ૨૦૨૦-૨૧

વિનામૂલ્યે મેડિકલ કેમ્પની વિગતો — Free Medical Camps

(૧)બ્લાઇન્ડ પીપલ એસોશિએશન- ઓક્ટોબર-૨૦

(૨) વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-ઓક્ટોબર-૨૦

(3)પાટીદાર મહિલા વિકાસ –ફેબ્રુઆરી-૨૦

(૪) સાધના સ્કૂલ સોલારોડ-નવેમ્બર=૨૦

(૫) સોલારિસ પબ્લિક સ્કુલ સોલારોડ- નવેમ્બર=૨૦

(૬) આશીર્વાદ અજયુકેશન ટ્રસ્ટ- નવેમ્બર=૨૦

(૭) તત્વમસી સ્કૂલ( ઓન લાઇન કાર્યક્રમ) ડિસેમ્બર-૨૦

(૮) શાંતિકુમાર કોઠારી વિદ્યાલય ડિસેમ્બર-૨૦

(૯) લાલજી મલ્હોત્રા લાયન્સ સ્કૂલ ડિસેમ્બર-૨૦

(૧૦) એસ. એસ. ડિવાઈન સ્કૂલ ડિસેમ્બર-૨૦

(૧૧) દિવ્યપથ સ્કૂલ ફેબ્રુઆરી-૨૦૨૧

(૧૨) નરોડા કેળવણી મંડળ માર્ચ-૨૦૨૧

(૧૩) સ્ત્રી અધ્યાપન મંદિર ગાંધી આશ્રમ માર્ચ-૨૦૨૧

(૧૪) એસ. એસ. વી. કેમ્પસ ગાંધીનગર માર્ચ-૨૦૨૧

(૧૫) ડેફોડીલ ફાર્મા પ્રા. લિ. કલોલ જાન્યુઆરી-૨૦૨૦

(૧૬) ઓમની લેન્સ ગાંધીનગર- ડિસેમ્બર-૨૦૨૦

(૧૭) લાયન્સ ક્લબ સ્કૂલ કોમ્પલેક્ષ માર્ચ-૨૦૨૧

**કોરોનાના વિપરીત સમયમાં પણ સંસ્થાની સ્ત્રી કેન્સરની અવિરત સેવાઓનું ઝરણું...**

# કેન્સર જાગૃતિ અભિયાન - કેમ્પની ઝલક

## Women Breast & Cervical Cancer Awareness Camps.





## ગાંધી આશ્રમ ખાતે યોજાયેલ કેમ્પ

**સંસ્થાના પ્રમુખ શ્રી આર.એસ. પટેલ તથા કમિટી સભ્ય શ્રી રમણભાઈ (ઈન્ડિકા લેબ) હાજર રહ્યા. મિસ સલોની કે. પટેલ દ્વારા બહેનોના કેન્સર અભિયાન અંગેની સમજ આપવામાં આવી.**

**અમદાવાદ શહેરના સ્ત્રી રોગોના નામાંકિત ડૉ. કલ્પનાબેન કોઠારી, ડૉ. શેફાલીબેન દેસાઈ , ડૉ. નિશાબેન જોશી, ડૉ. કલ્પનાબેન પુરોહિત તથા શ્રીમતી હિનાબેન જરીવાલા સાથે સંસ્થાના કર્મચારી કલ્પનાબેન શાહ તથા મેનેજર સોનલબેન દ્વારા કોરોનાની મહામારીને ગણકાર્યા સિવાય કેન્સર અભિયાનની સેવાઓ ચાલુ રાખી. કોરોના વોરિયર તરીકે તે સૌને બિરદાવતા સંસ્થા ગૌરવ અનુભવે છે.**



## સોલર સ્કૂલ ખાતે યોજાયેલ કેમ્પ

**“જીવનમાં જે મળ્યું હોય ને ગમે તે આનંદ કહેવાય,
અને જે ગમતું મળે તેને સુખ કહેવાય.”**

# કેન્સર જાગૃતિ અભિયાન - કેમ્પની ઝલક

## Women Breast & Cervical Cancer Awareness Camps.



સરસ્વતી સ્કૂલ ખાતે

યોજાયેલ કેમ્પ

સાધના સ્કૂલ ખાતે

યોજાયેલ કેમ્પ




**"તમારા માટે કોઈ રડે અને તમારા કારણે કોઈ રડે તે બંનેમાં ઘણો ફરક છે."**



દિવ્ય પથ કેમ્પસ ખાતે યોજાયેલ વિમેન વેલનેસ અવેરનેસ કેમ્પ

### સ્કૂલ શિક્ષિકાઓ મારફતે કેન્સર જાગૃતિ અભિયાન

શિક્ષક એ વિદ્યાર્થીઓને ભણાવવાની પ્રક્રિયાના કરોડરજ્જૂ સમાન છે. સ્તન અને ગર્ભાશય કેન્સરના જાગૃતિ અભિયાનમાં શિક્ષિકાઓને ટ્રેનીંગ આપવાનું કાર્ય આશીર્વાદ ફાઉન્ડેશન કરી રહ્યું છે. આ અભિયાનના ફળ સ્વરૂપ અન્ય બહેનોને આ ટેસ્ટ કરાવવા સમજાવવાનું ઘણું સરળ થઈ શક્યું છે. અમારી સંસ્થામાં આવી શિક્ષિકા બહેનો ૨૫ થી ૫૦ લાભાર્થી બહેનોના જે અવેરનેસ કેમ્પ ગોઠવે છે તેમને માનદ વેતન આપવામાં આવે છે.




એલ.એમ.એલ. સ્કૂલ ખાતે યોજાયેલ કેમ્પમાં શ્રીમતી હીનાબેન જરીવાલા

### Cancer Awareness Camps through School Lady Teachers

Teachers are the backbone of every education system. Investing resources towards training programmes for awareness of breast and cervical cancer through lady teachers enhances the scope of easily conviniencing more women to go for cancer diagnoses.

# પ્રેસ રીપોર્ટ




## માહિતીના અભાવે લાખો મહિલાનું મૃત્યુ થાય છે

# આશિર્વાદ ફાઉન્ડેશન દ્વારા ગર્ભાશયના કેન્સર વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ તા.૧૨

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સંદર્ભે તા.૧૦-૩-૨૦૨૧ ના રોજ આશીર્વાદ ફાઉન્ડેશન, એસ.એસ.વી.કેમ્પસ, ગાંધીનગર અને લાયન્સ કલબ દ્વારા સંયુક્ત આયોજિત સ્તન કેન્સર અને ગર્ભાશય કેન્સર વિશે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં આશીર્વાદ ફાઉન્ડેશન સાથે જોડાયેલા ડો. કલ્પનાબેન પુરોહિત (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા મહિલાઓમાં થતાં સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સરના પ્રકારો, લક્ષણો, નિદાન, ઉપચાર તથા સર્જરી વિશે આશરે ૭૦ શિક્ષિકાઓ તેમજ વાલીઓને સમજ આપી હતી. જેમાં એસ.એસ.વી.કેમ્પસના તરલિકાબેન પટેલ તેમજ શાળાના આચાર્ય છાયાબેન ભટ્ટ હાજર રહ્યા હતા.

માહિતીના અભાવે વર્ષે લગભગ ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓ મૃત્યુ પામે છે મહિલાઓના સ્વસ્થ્ય અધિકાર મુજબ યોગ્ય જ્ઞાન આદાન પ્રદાન કરવાથી મહિલાઓનું જીવન બચાવી શકાય છે. તેમ આર.એસ.પટેલ વતી પ્રમુખ આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા જણાવાયું છે.

**જયહિંદ ડેઈલી (તા. ૧૨-૦૩-૨૦૨૧)**

**“આપના મોટા હૃદયના નાના ખૂણે જો માનવતાની સંવેદના હોય તો જ દાન આપવાની ઈચ્છા થાય.”**
**(આરેશ)**

## 'ધરતી રત્ન એવોર્ડ' સમારંભ



મુખ્ય મહેમાન મા. મુખ્યમંત્રી શ્રી વિજયકુમાર રૂપાણી સાથે ધરતી રત્નો



## કેરીયર ઈન મેડિસીન ઈવેન્ટ




મુખ્ય મહેમાન મા. મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ડૉ. જીતુભાઈ પટેલ





# વિભાગીય સેવાઓના નામકરણના દાતાશ્રી

## Donors of Different Activities of Trust

| ક્રમ | વિભાગ | નામકરણ |
|---|---|---|
| ૧ | મેડિકલ મોબાઈલવાન<br>વાન નં. ૧<br>વાન નં. ૨ | શ્રી કનુભાઈ એમ. પટેલ - ચેરમેન, મોન્ટેકાર્લો લિ.<br>મોન્ટેકાર્લો હાઉસ, સીંધુ ભવન રોડ, બોડકદેવ, અમદાવાદ.<br>શ્રીમતી અનિલાબહેન અશોકભાઈ ઝવેરી પરિવાર<br>ફાગુન બંગલો, જાહ્નવી રેસ્ટોરન્ટ પાછળ, આંબાવાડી, અમદાવાદ. |
| ૨ | સોનોગ્રાફી | શ્રી પી.એસ.પટેલ - પી.એસ.પી. પ્રોજેક્ટ્સ લિ.<br>પી.એસ.પી. હાઉસ, વિક્રમનગર સામે, આંબલી રોડ, અમદાવાદ. |
| ૩ | મેમોગ્રાફી પ્રોજેક્ટ | શુભેચ્છક દાતા |
| ૪ | મેમોગ્રાફી મશીન તથા<br>કેન્સર અવેરનેસ પ્રોજેક્ટ | અવિરત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. - હ.શ્રી કનુભાઈ એમ. પટેલ - સાયન્સ સિટી<br>તથા ભુદરદાસ સેવા નિધિ ચેરિટેબલ ટ્રસ્ટ - હ.શ્રી શૈલેશભાઈ પટેલ (છત્રભુજ) |
| ૫ | ડિજિટલ એક્સ-રે | સ્વ. અશોકભાઈ ઝવેરી પરિવાર<br>ફાગુન બંગલો, જાહ્નવી રેસ્ટોરન્ટ પાછળ, આંબાવાડી, અમદાવાદ.<br>શ્રી આનંદભાઈ બી. શાહ પરિવાર<br>૭૦૧, અનિકેત બિલ્ડિંગ, મ્યુ. માર્કેટ પાસે, સી.જી.રોડ, અમદાવાદ. |
| ૬ | એક્સ-રે | સ્વ.કુસુમ બલરામ પંડ્યા (હ.લીનાબહેન) તથા<br>મહેસાણા નાગરિક સહ. બેંક - હ.શ્રી અરવિંદભાઈ એ. પટેલ-ચેરમેન |
| ૭ | દાંત વિભાગ | શ્રી જીતેન્દ્રભાઈ આર. પટેલ - ડેફોડીલ ગ્રૂપ<br>૨૩, પ્રિવિલૉન, ઈસ્કોન ચાર રસ્તા, એસ.જી.રોડ, અમદાવાદ. |
| ૮ | પેથોલોજી | સ્વ.શરદભાઈ સી. જરીવાલા - હ.શ્રીમતી શોભનાબહેન જરીવાલા<br>અમદાવાદ. |
| ૯ | બી.એમ.ડી. | સ્વ. ભાનુપ્રસાદ જી. પટેલ - હ.શ્રીમતી જ્યોત્સનાબહેન બી પટેલ<br>૫-સમૃદ્ધિ, હેમાંગ કોર્પોરેશન, સાકાર-૩ સામે, આશ્રમરોડ. |
| ૧૦ | ઓટો રિફ્લેક્ટર મશીન<br>(આંખ વિભાગ) | નરોડા લાયન્સ કલબ ચેરિટેબલ ટ્રસ્ટ - હ. શ્રી મહેન્દ્રભાઈ શાહ<br>ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, લાયન્સ કલબ - નરોડા. |
| ૧૧ | રીડિંગરૂમ લાઈબ્રેરી<br>નવરંગપુરા | આર. એસ. પટેલ ચેરીટી<br>૮૦૧, પોપ્યુલર હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ. |
| ૧૨ | રીડિંગરૂમ લાઈબ્રેરી<br>ચાંદલોડિયા | સીએ શ્રી ટી. કે. ટેકવાણી<br>૨૦૪, દેવ કોમ્પ્લેક્સ, પરિમલ ગાર્ડન પાસે, અમદાવાદ. |
| ૧૩ | નવા મકાનની<br>લિફ્ટના દાતાશ્રી | શ્રી જીતેન્દ્રભાઈ આર. પટેલ - ડેફોડીલ ગ્રૂપ<br>૨૩, પ્રિવિલૉન, ઈસ્કોન ચાર રસ્તા, એસ.જી.રોડ, અમદાવાદ. |

# માનવ સેવાના અમારા ગૌરવવંતા ભાગીદારો

Our Partners for Humanitarian Services

| ક્રમ | હોસ્પિટલ / ટ્રસ્ટ |
|---|---|
| ૧ | અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન |
| ૨ | બે શુભેચ્છક દાતાશ્રી |
| ૩ | મોન્ટેકાર્લો લીમીટેડ |
| ૪ | પી.એસ.પી. લીમીટેડ |
| ૫ | ખાંડવાલા ફિનસ્ટોક પ્રાઈવેટ લીમીટેડ |
| ૬ | સર્જન ઈન્ફ્રાહોમ પ્રાઈવેટ લીમીટેડ |
| ૭ | દીપ બિલ્ડર્સ |
| ૮ | એમકો બેન્ક |
| ૯ | કુંવરજી એન્ટરપ્રાઈઝ એલ.એલ.પી. |
| ૧૦ | એમ. એસ. નાણાવટી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ હ. શ્રીમતી ધર્મિષ્ઠાબેન કીર્તિકાન્ત નાણાવટી |
| ૧૧ | સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ (VS Hospital Campus) |
| ૧૨ | ઈન્ડિયન મેડીકલ એશોશીએશન – અમદાવાદ |
| ૧૩ | ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી – અમદાવાદ |
| ૧૪ | હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન – અમદાવાદ |
| ૧૫ | ધરતી વિકાસ મંડળ - અમદાવાદ |
| ૧૬ | કામેશ્વર મેડીકલ સેન્ટર – અમદાવાદ |
| ૧૭ | કરૂણા ટ્રસ્ટ – અમદાવાદ |
| ૧૮ | ગ્રામ વિકાસ મંડળ - પલિયડ |
| ૧૯ | રેવાભાઈ જનરલ હોસ્પિટલ - સરઢવ |
| ૨૦ | ગોઝારીયા સાર્વજનિક હોસ્પિટલ |
| ૨૧ | રાંધેજા સાર્વજનિક હોસ્પિટલ |
| ૨૨ | માનવ જ્યોત ટ્રસ્ટ – મુંબઈ |
| ૨૩ | લાયન્સ ક્લબ ઓફ નરોડા |
| ૨૪ | કે. બી. ઝવેરી |
| ૨૫ | અમદાવાદ જીલ્લા સહકારી સંઘ લી. |
| ૨૬ | એન. કે. પ્રોટીન્સ |
| ૨૭ | એ.એમ.એ. ઈન્ફ્રાકોન કોમ્યુનિટી સર્વિસ |
| ૨૮ | હાઈસ્કેન પ્રાઈવેટ લીમીટેડ – ચાંગોદર |
| ૨૯ | દક્ષલ ફાર્મા – અમદાવાદ |
| ૩૦ | યુરો એશિયા સોલાર એનર્જી |
| ૩૧ | પ્રહલાદભાઈ કે પટેલ ફાઉન્ડેશન |

# આશીર્વાદ મેડિકલ સેન્ટર

## નિષ્ણાંત તબીબોની સેવા વિગતો

| તબીબી શાખા | ડૉક્ટરનું નામ | મળવાનો સમય |
|---|---|---|
| ઓર્થોપેડિક સર્જન | ડૉ. કિરણ સી. પટેલ (M.S.) Ortho. | સોમ/બુધ/શુક્ર : બપોરે - ૪.00 થી ૫.00 |
| | ડૉ. રૂચિર પટેલ (M.S.) Ortho. | મંગળ/ગુરૂ : બપોરે - ૪.00 થી ૫.00 |
| ગાયનેકોલોજિસ્ટ | ડૉ. કલ્પનાબેન પુરોહિત (M.B.D.G.O.) | મંગળ/શુક્ર : બપોરે - ૧૨.00 થી ૧.00 |
| | ડૉ. એષા પટેલ (M.S., Obs & Gynaec, FICS) | સોમ/ગુરૂ : બપોરે - ૨.00 થી ૩.00 |
| | ડૉ. દિપીકા રૂપરેલિયા (M.S., Obs & Gynaec, FICS) | બુધ/શનિ : બપોરે - ૩.00 થી ૪.00 |
| ચામડી જાતીય દર્દોના નિષ્ણાત | ડૉ. દીપક એન. મુખાતીયાર M.C.A.I. (Skin) | બુધ : સવારે - ૧૦.00 થી ૧૧.00 |
| સ્કીન કોસ્મેટિક નિષ્ણાત અને | ડૉ. કક્ષા શાહ M.D. (Skin) Cosmetic | મંગળ/શુક્ર : સાંજે - ૪.00 થી ૫.00 |
| રેડીયોલોજીસ્ટ | Image Cure Team | સોમ થી શનિ : બપોરે - ૪.00 થી ૫.00 |
| રેડીયોલોજીસ્ટ | ડૉ. ઝલક શાહ | સોમ થી શનિ : બપોરે - ૧.00 થી ૨.00 |
| દાંતના ડૉક્ટર | ડૉ. રિદ્ધિ ટેઈલર (B.D.S.) | સોમ થી શનિ : સવારે - ૯.૩0 થી ૭.00 |
| વાંકાચૂકા દાંત ના નિષ્ણાત | ડૉ. મૌલીબેન શાહ (M.D.S.) | મંગળ/ગુરૂ/શનિ : બપોરે - ૩.00 થી ૭.00 |
| ENT કાન ના નિષ્ણાતkp | ડૉ. આશિષ ટીલ્લવાવાલા (M.S.) ENT | શનિ : સાંજે - ૫.00 થી ૬.00 |
| 2D Echo | ડૉ. નીલ રૂપારેલીયા (કલીનીકલ કાર્ડીયોલોજીસ્ટ) (Echo) | દરરોજ : સવારે - ૮.૩0 |
| પેથોલોજી | સાયન્ટીફીક લેબોરેટરીના રીપોર્ટસ | દરરોજ રીપોર્ટીંગ (બ્લડ કલેક્શન સેવા ઉપલબ્ધ) |
| | પીએફટી (ફેફસાના ટેસ્ટ) | By Appointment |
| ફેમિલી ફિઝિશિયન | ડૉ. ક્રિષ્ણકાંત પટેલ (M.B.B.S.) | By Appointment (બુધ - બપોરે ૪ થી ૫) |
| ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ એન્ડોસ્કોપી | ડૉ. જીજ્ઞેશ પટેલ (M.S.) | By Appointment |
| ફિઝિશિયન અને હૃદયરોગ | ડૉ. હિતેન અમીન (M.D.) (Cardiologist) | By Appointment |
| બ્રેઇન અને સ્પાઇન સર્જન | ડૉ. સુવિંધ કે. તુરખિયા (Neuro Surgeon) | By Appointment (બુધ - બપોરે ૧૧.00) |
| મૂત્રાશય અને પથરીના નિષ્ણાત | ડૉ. પથિક પારધી (Urologist) | By Appointment (બુધ - સવારે ૯.૩0) |
| આંખના ડૉક્ટર | ડૉ. ધવલ મોદી M.S. (Ophthalmologist) | By Appointment (દરરોજ) |
| એમ.આર.આઈ. / સીટી સ્કેન | ડૉ. કુંજન પટેલ | દરરોજ રીપોર્ટીંગ |

**નોંધ:** ડૉક્ટરના સમયની 15 મિનિટ પહેલા કેસ કઢાવી લેવા વિનંતી

# મોબાઈલ મેડિકલ વાન

## “ડૉક્ટર અને દવા દર્દીના આંગણે”

વિનામૂલ્યે - મેડિકલ કન્સલ્ટેશન તથા દવાઓ

Doctor and Medicine free of charge at Door Step of Patient.

આશીર્વાદ મોબાઈલ તબીબી વાન મફતમાં મેડિકલ કન્સલ્ટેશન કરે છે અને મફત દવાઓ પણ આપે છે. આ ટ્રસ્ટ બે મોબાઈલ મેડિકલ વાનનું સંચાલન કરે છે, જે વિવિધ ગામમાં જાય છે અને અમદાવાદના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તબીબી સલાહ અને દવાઓ સંપૂર્ણપણે મફતમાં આપે છે.

## Donors of Medical Mobile Vans.

મોબાઈલ વાનના દાતાશ્રી મોન્ટેકાર્લો લિમિટેડ ના ચેરમેન શ્રી કનુભાઈ એમ. પટેલ
Shri Kanubhai M. Patel-Montecarlo Ltd.



MONTECARLO
Born to Achieve








આ મેડિકલવાને જરૂરિયાત મુજબ વીમેન વેલનેસ ક્લિનિકના અવેરનેસ પ્રોગ્રામ માટે પણ ઉપયોગમાં લેવાય છે.





સ્વ. અશોકભાઈ તથા શ્રીમતી અનિલાબહેન એ. ઝવેરી પરિવાર
Late Shri Ashokbhai and Smt. Anilaben A. Zaveri

# આર.એસ.પટેલ ચેરીટી રીડિંગરૂમ એન્ડ લાઈબ્રેરી

વિદ્યાર્થીઓમાં અતિલોકપ્રિય સેવા...

## R. S. Patel Charity Reading Room & Library
(Popular Service amongst students)



**કુસુમ આર. પટેલ -** વર્ષ ૧૯૯૩થી શ્રીમતી કુસુમબહેન આર. પટેલ દ્વારા ૫૨, નાથાલાલ સોસાયટી, નારણપુરા બિલ્ડિંગનો બીજો અને ત્રીજો માળ સંસ્થાને વિના ભાડે વાપરવા આપેલ હતો. તેઓ મેરેજ બ્યૂરોમાં પણ સેવાઓ આપે છે.

મેડિકલ, એન્જિનિયરીંગ, સી.એ., સી.એસ., જી.સેક અને કોસ્ટ એકાઉન્ટન્સી જેવા ઉચ્ચ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને વાંચન માટે આદર્શ સુવિધા મળી રહે તે હેતુથી રાહતદરે રીડિંગરૂમ-લાઈબ્રેરીની સેવાઓ વર્ષ ૧૯૯૬થી શરૂ કરવામાં આવી છે.







- 24 x 7 Open
- Free wi-fi
- Reference books
- Locker facility
- CCTV
- Biometric entry
- Drinking water
- Tea & coffee
- Plug points
- Glass partitions

## R. S. Patel Charity Reading Room & Library

52, Nathalal Colony, Navrangpura, Ahmedabad, Gujarat-380014

+91 79 26464138 | +91 81550 51451 | E-mail: rspclibrary@gmail.com

# આશીર્વાદ પબ્લિક લાઈબ્રેરી એન્ડ રીડિંગરૂમ
**ચાંદલોડિયા, અમદાવાદ.**

**Ashirvad Public Library & Reading Room**
(Popular Service amongst students)
Chandlodia, Ahmedabad.



ચાલુ વર્ષે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ટી. કે. ટેકવાણીએ સદરહુ લાયબ્રેરીની ૩૫૦૦ ચો.ફુટ જગ્યા આપણા અગાઉના દાતા પાસેથી વેચાણ લીધેલ છે. શ્રી ટેકવાણીજીએ પણ સદરહુ જગ્યા વિના ભાડે વર્ષ ૨૦૨૭ સુધી ચાલુ રાખવા માટે સંમતિ આપી વિદ્યાર્થી સેવાના અભિયાનમાં અમારી સાથે જોડાયા છે. અમારા ગૌરવવંતા દાતાનું શબ્દગુચ્છથી અભિવાદન કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

શ્રી ટી. કે. ટેકવાણી જેઓ વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમનું સામાજિક ક્ષેત્રે માનવ સેવામાં અગત્યનું પ્રદાન રહેલ છે.

- તેઓશ્રી હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશન-ગુજરાતને ૨૦૧૦થી ચેરમેન તરીકે સેવાઓ આપે છે.
- Member, Central Council of Research and Development Foundation of Integral humanism. New Delhi Since 2009.
- Bharatiya Sindhi Sabha-National Treasure and National Secretary.
- President Sindhi Vikas Parisad.
- Founder Trustee of Thalassemia Jagruti Foundation Since 2008.







**Ashirvad Public Library & Reading Room**

404, 4th floor, Silverstar Complex, Above SBI
Chandlodiya, Ahmedabad, Gujarat-382481

+91 94278 00451

# આશીર્વાદ લગ્ન સહાયક સેવાઓ

## Marriage Bureau



શ્રીમતી કુસુમબહેન આર. પટેલ
આશીર્વાદ મેરેજ બ્યૂરો - ડાયરેક્ટર



શ્રીમતી જાનકી પટેલ
આશીર્વાદ મેરેજ બ્યૂરો - આસિ. ડાયરેક્ટર

સંસ્થા દ્વારા લગ્ન સહાયક સેવાઓ ફક્ત રૂ.૫૦૦ની રજિસ્ટ્રેશન ફી લઈને આપવામાં આવે છે. અન્ય સહાયક કેન્દ્રો આવી સેવાઓ માટે રૂ.૧૫૦૦૦ કે તેથી વધુ સુધીની ફી લે છે. આ કેન્દ્રની સેવાઓ સમાજમાં ખૂબ જ લોકપ્રિય બની છે. ઉમેદવારોની માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે.

આજથી વીસ કે પચીસ વર્ષ પહેલાં સામાજિક પ્રસંગો કે લગ્ન સમારંભમાં લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી મળી રહેતી હતી. ધંધા-વ્યવસાયને નોકરીની તકોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કુટુંબીજનોને લગ્ન પ્રસંગોમાં મહાલવાનો સમય નથી. આજનાં લગ્ન ધંધાકીય પ્રદર્શન થતાં જાય છે પરિણામે પરણવા લાયક બાળકો માટે તેમનાં માતા-પિતાને યોગ્ય અને વિશ્વાસુ માહિતી મેળવવાનું કઠિન બનતું જાય છે. આથી સામાજિક સંસ્થા દ્વારા લગ્ન સહાયક સેવાઓ અનિવાર્ય બનતી જાય છે.

છાપાંની લગ્ન વિષયક જાહેરાતો તથા લગ્ન નેટ પોર્ટલ ઉપરથી માહિતી વિશ્વાસપાત્ર ન હોવાથી અને અમારા લગ્ન સહાયક કેન્દ્ર દ્વારા ઉમેદવારની માહિતી તથા તેના કુટુંબની વધુમાં વધુ ચોક્સાઈ કરવામાં આવતી હોવાથી અમારી સેવાઓ ખૂબ જ લોકપ્રિય બની છે.

**લગ્ન સહાયક સેવા કેન્દ્રનો સમય :**
દર મંગળવાર, ગુરૂવાર, શનિવાર બપોરે : ૧૨ થી ૩ કલાકે

Timings :- Tuesday-Thursday-Saturday 12.00 pm to 3.00 pm

આપનાં લાડીલા સંતાનોના જીવનસાથીની પસંદગી માટે જન્માક્ષર મેળવવાનો આગ્રહ કરતાં તેના મેડિકલ રિપોર્ટ અને કુટુંબના સંસ્કારને વધુ મહત્ત્વ આપવા વિનંતી.

# કુલ આવક ખર્ચની સમરી

વર્ષ ૨૦૨૦-૨૧

| | | રૂા. |
|---|---|---|
| કુલ આવક | મેડીકલ વિભાગ, દવાઓ, દાન તથા વ્યાજ | ૨,૮૦,૪૮,૮૬૯/- |
| કુલ ખર્ચ | મેડીકલ વિભાગ, દવાઓ, તથા કોરોના ખર્ચ | ૨,૮૧,૮૫,૮૯૩/- |
| | કુલ નેટ જાવક | ૧,૩૭,૦૨૪/- |

"મુઝે ઐસી ખુદાઈ ન દે કી મુઝે મેરે અલાવા કુછ દિખાઈ ન દે."
અટલ બિહારી બાજપાઈ

દાન લેનાર સંસ્થાઓ અગણિત છે, દાતાઓને હાર પહેરાવનાર પણ અગણિત છે. દુ:ખીજન માટે ગણિતથી દાન વાપરનાર, આશીર્વાદની વર્ષા કરનાર ખુદાના ઓલિયા જેવી છે.
"આરેશ"

દાન તેવી સંસ્થાને આપો, જેનાથી દુ:ખીજનના હૈયે હેલી પડે.
મોતના મુખમાંથી, દુ:ખીજનની જીંદગી વરસી પડે.
"આરેશ"

દુ:ખી થવાને કોઈ, હવે ધરતી પર નહીં આવે, સદીયો જશે ને પૈગંબર નહીં આવે,
દાતાઓ અને સેવકો ભેગા મળી, વહેંચીને પી નાખીએ, જગતના ઝેર પીવા શંકર નહીં આવે.
"આરેશ"

# દાતાઓનો ઋણસ્વીકાર

Acknowledgement of gratitude to our Donors.

**You have the power to bring happiness....**

**Many faces have smiled with your donations....**

વર્ષ ૨૦૨૦-૨૧ નું દાતાઓના દાનનું પવિત્ર ઝરણું

| ક્રમ | વિગત | રૂપિયા |
|---|---|---|
| 1 | કોર્પસ મેડિકલ ફંડ | ૭૦,૨૬,૦૦૦/- |
| 2 | સેનેટાઈઝર પ્રોજેક્ટ દાન | ૬,૨૪,૧૦૨/- |
| 3 | જનરલ ડોનેશન | ૧,૭૦,૩૩૧/- |
| | **કુલ દાન** | **૭૮,૨૦,૪૩૩/-** |

## જાહેર નિવેદન

અમને આવી માતબર રકમનાં સ્વયંભૂ દાન અમારા દાતાઓ તરફથી મળ્યાં છે. સમાજસેવાની અમારી જવાબદારી વધી છે. આપના દાનનો છેલ્લામાં છેલ્લો રૂપિયો આપે આપેલ દાનના હેતુ માટે જ વપરાય છે અને વપરાશે તેની ખાતરી આપીએ છીએ.

**પ્રેમથી આપનારને બહાના નથી હોતા, જીંદગીમાં દાન આપવાના પ્રસંગો નથી હોતા,**
**દુ:ખીજનના આંસુ લુછવા તેડાં નથી હોતા, સ્વયંભૂ દાનેશ્વરીને અભરખા નથી હોતા.**

**"આરેશ"**

Ashirvad Foundation - Trustees.

# દાતાઓનો ઋણસ્વીકાર

Acknowledgement of gratitude to our Donors.

»» વર્ષ ૨૦૨૦-૨૧ નું દાતાઓના દાનનું પવિત્ર ઝરણું ««

**`૧,૦૦,૦૦૦ થી વધુ રકમના દાતાશ્રીઓ** More than Rs. 1 Lac Donors

| ક્રમ | મેડીકલ ફંડ તથા સેનેટાઈઝરના દાતાશ્રીઓ | રકમ |
|---|---|---|
| ૧ | શુભેચ્છક દાતાશ્રી | ૧૬,૦૦,૦૦૦/- |
| ૨ | શુભેચ્છક દાતાશ્રી | ૧૬,૦૦,૦૦૦/- |
| ૩ | શ્રીનિવાસ ઓર્ગેનાઈઝર પી. એલ.<br>હસ્તે શ્રી કંચનભાઈ બી. ઝવેરી, સી.જી. રોડ, અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- |
| ૪ | ડેફોડીલ ફાર્મા પ્રા. લિ. (હસ્તે શ્રી જીતુભાઈ આર. પટેલ)<br>એ-૨૩૦૪, ૨૩ મો માળ, પ્રિવિલિઓન, બી-બ્લોક, અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- |
| ૫ | જિલ્લા સહકારી સંઘ અમદાવાદ (હસ્તે શ્રી દશરથભાઈ પટેલ (ચેરમેન))<br>એન એસ હોસ્પિટલ, માદલપુર, એલિસબ્રીજ, અમદાવાદ | ૫,૦૦,૦૦૦/- |
| ૬ | એન.કે. પ્રોટીન્સ<br>૧૬ મો માળ, પ્રિવીલોન, બી-બ્લોક, એનઆર ઈસ્કોન મંદિર, અમદાવાદ | ૨,૦૦,૦૦૦/- |
| ૭ | અમદાવાદ મર્કેન્ટાઈલ બેન્ક (હસ્તે શ્રી નરેન્દ્રભાઈ એમ. પટેલ (ચેરમેન))<br>એમ્કો હાઉસ, નજીક સ્ટેડિયમ સર્કલ, નવરંગપુરા, અમદાવાદ | ૨,૦૦,૦૦૦/- |
| ૮ | શુભેચ્છક દાતાશ્રી | ૧,૫૦,૦૦૦/- |
| ૯ | કુંવરજી એન્ટરપ્રાઈઝ એલ.એલ.પી.<br>સિદ્ધિવિનાયક ટાવર, એસ.જી. રોડ, મકરબા, અમદાવાદ | ૧,૫૦,૦૦૦/- |
| ૧૦ | એ.એમ.એ. ઈન્ફ્રાકોન કોમ્યુનિટી સર્વિસ<br>એએમએ હાઉસ, નટરાજ સિનેમા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ | ૧,૦૫,૦૦૦/- |
| ૧૧ | શ્રીરામા મલ્ટીટેક લી. (હસ્તે શ્રી શૈલેષભાઈ દેસાઈ)<br>હાઈસ્કેન પ્રા. લિ., ચાંગોદર | ૧,૦૦,૦૦૦/- |
| ૧૨ | રશ્મિકાંત જે શાહ તથા શ્રીમતી કુમુદબેન શાહ<br>સી-૧૮, માધવપુરા માર્કેટ, પોલીસ કમિશનર કચેરી, શાહીબાગ રોડ,<br>અમદાવાદ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૩ | શ્રી પંકજભાઈ જોઈતારામ ફેમિલી<br>બી-૪, પરમાત્મા સોસાયટી, ડી. કે. પટેલ રોડ, નારણપુરા, અમદાવાદ. | ૧,૦૦,૦૦૦/- |
| ૧૪ | દક્ષલ ફાર્મા - શ્રી પ્રશાંતભાઈ દેસાઈ દ્વારા સેનેટાઈઝરની ૫૦ એમ.એલ.ની<br>૫૦,૦૦૦ ટ્યુબ વિનામૂલ્યે ફિલીંગ માટે સંસ્થા આભારી છે. | |
| | **કુલ દાન** | **૫૮,૦૫,૦૦૦/-** |

# દાતાઓનો ઋણસ્વીકાર

Acknowledgement of gratitude to our Donors.

»» વર્ષ ૨૦૨૦-૨૧ નું દાતાઓના દાનનું પવિત્ર ઝરણું ««

**રૂા. ૧૦,૦૦૦/- થી રૂા.૧,૦૦,૦૦૦/- સુધીની રકમના દાતાશ્રીઓ** Rs. 10,000/- to Rs. 1,00,000/- Donors

| ક્રમ | મેડીકલ ફંડ તથા જનરલ ડોનેશનના દાતાશ્રીઓ | રકમ |
|---|---|---|
| ૧ | હસુમતીબેન જ્યંતિલાલ પટેલ<br>૮, વિનાયક એપાર્ટમેન્ટ, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ. | ૫૧,૦૦૦/- |
| ૨ | જશવંતલાલ ટી. શાહ<br>૨૦૧-૨૦૨, લલિતા કોમ્પ્લેક્ષ, રસાલા માર્ગ, નવરંગપુરા, અમદાવાદ. | ૫૧,૦૦૦/- |
| ૩ | ચંપાબેન ધીરજલાલ શાહ (હસ્તે ધર્મેશભાઈ ડી. પટેલ)<br>૩૯, આરોહી હોમ્સ, બોપલ, અમદાવાદ. | ૫૦,૦૦૦/- |
| ૪ | ભાનુપ્રસાદ જી. પટેલ (અલોહા હિલ્સ વાળા)<br>આશીર્વાદ શાહીબાગ ગેસ્ટહાઉસ પાસે, ગિરધરનગર, શાહીબાગ, અમદાવાદ. | ૨૫,૦૦૦/- |
| ૫ | કાશીબા ઝવેરભાઈ સેવા ટ્રસ્ટ<br>તેજસ ૭, લલિતકુંજ, નવરંગપુર, અમદાવાદ. | ૨૫,૦૦૦/- |
| ૬ | નવનીત ફાઉન્ડેશન<br>નવનીત હાઉસ, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ. | ૨૦,૦૦૦/- |
| ૭ | લાયન્સ ક્લબ ઓફ નરોડા ચેરીટેબલ ટ્રસ્ટ<br>લાયન્સ ક્લબ ઓફ ઈન્ટરનેશનલ | ૨૦,૦૦૦/- |
| ૮ | ભુપેન્દ્રભાઈ જે. શાહ (હિપોલીન)<br>મધુબન, ૪ ફ્લોર, માદલપુર અંડરબ્રિજ, અમદાવાદ. | ૧૫,૦૦૦/- |
| ૯ | સિધ્ધાર્થ રતિલાલ શાહ<br>૫, બીજો માળ દિવ્ય કોમ્પ્લેક્ષ, નવરંગપુરા, અમદાવાદ. | ૧૩,૪૦૦/- |
| ૧૦ | વિપુલ શંકરલાલ પટેલ<br>૧૫, પાર્ક બંગ્લોઝ, ગુલાબ ટાવર, થલતેજ, અમદાવાદ. | ૧૧,૦૦૦/- |
| ૧૧ | મનીષા તેજલ શાહ<br>૨૦, અંબિકાદેવી સોસાયટી, વિભાગ-૨, સંઘવી સ્કૂલ, નારણપુરા, અમદાવાદ. | ૧૧,૦૦૦/- |
| ૧૨ | નરોત્તમભાઈ એસ. પટેલ<br>પિતૃછાયા બંગ્લોઝ, નારણપુરા, અમદાવાદ. | ૧૦,૦૦૦/- |
| ૧૩ | વિજયકુમાર ગોપાલદાસ ગાંધી (હસ્તે શ્રી વિરલ રવિન્દ્ર ગાંધી)<br>૧૪૮૨, નવા માધવપુર ચોક, દિલ્હી દરવાજા, અમદાવાદ. | ૧૦,૦૦૦/- |
| ૧૪ | શ્રી નરોત્તમભાઈ એસ. પટેલ અને શ્રીમતી અનિલાબેન પટેલ | ૧૦,૦૦૦/- |
| | **કુલ દાન** | **૩,૨૨,૪૦૦/-** |

# દાતાઓનો ઋણસ્વીકાર

Acknowledgement of gratitude to our Donors.

»» વર્ષ ૨૦૨૦-૨૧ નું દાતાઓના દાનનું પવિત્ર ઝરણું ««

**રૂા. ૧૦,૦૦૦/- થી રૂા.૧,૦૦,૦૦૦/- સુધીની રકમના દાતાશ્રીઓ** Rs. 10,000/- to Rs. 1,00,000/- Donors

| ક્રમ | સેનેટાઈઝર ડોનેશનના દાતાશ્રીઓ | રકમ |
|---|---|---|
| ૧૫ | યુરો એશિયા સોલાર એનર્જી (હસ્તે ફાલ્ગુન ડી. ભટ્ટ) | ૫૩,૦૦૦/- |
| | એ-૧૫૩, જી.આઇ.ડી.સી. ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૬, ગાંધીનગર. | |
| ૧૬ | શોભનાબેન એસ. જરીવાલા | ૫૧,૦૦૦/- |
| | ડી-૫, ૪૨૬ એપાર્ટમેન્ટસ સારથી હોટલ, વસ્ત્રાપુર રોડ, અમદાવાદ. | |
| ૧૭ | રજનીભાઈ પી. પટેલ | ૫૦,૦૦૦/- |
| | ૧૨, કૃપા એપાર્ટમેન્ટ, થલતેજ, અમદાવાદ. | |
| ૧૮ | એમ.એસ. નાણાવટી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ | ૫૦,૦૦૦/- |
| | (હસ્તે શ્રીમતી ધર્મિષ્ઠાબેન કીર્તિકાંત નાણાવટી) | |
| ૧૯ | ૧૮, બસેરા સ્પ્રીંગવેલી સોસાયટી, એસ.જી. હાઈવે, અમદાવાદ. | |
| | સી.એ. વી.એ. શાહ | ૨૫,૦૦૦/- |
| ૨૦ | ૨૬, માણેકબાગ ગેટ - ૧, અમદાવાદ | |
| | સેજલ પારેખ એન્ડ જયેશ પારેખ | ૨૧,૦૦૦/- |
| ૨૧ | ૨ ફ્લોર, શ્રી કોમ્પ્લેક્ષ, આઝાદ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ. | |
| | ઈન્દિરા તરુચંદ્ર જરીવાલા | ૧૫,૦૦૦/- |
| | ૭૦૨, શીખર કોમ્પ્લેક્ષ, મીઠાખળી છ રસ્તા, અમદાવાદ. | |
| ૨૨ | એસ.ટી. દેસાઈ | ૧૧,૦૦૦/- |
| | એ-૬૦૪, રોડવુઝ એસ્ટેટ, સેટેલાઈટ, અમદાવાદ. | |
| ૨૩ | રોમિલ પટેલ (સહજ પ્રોજેક્ટ પી. એલ.) | ૧૧,૦૦૦/- |
| | બી-૨, બાપુકૃપા સોસાયટી, અમદાવાદ. | |
| ૨૪ | પ્રહલાદભાઈ કે પટેલ ફાઉન્ડેશન (હસ્તે શ્રી નરેન્દ્રભાઈ પી. પટેલ) | ૧૧,૦૦૦/- |
| | ૧૧, સર્વોત્તમ નગર, મેમનગર, અમદાવાદ. | |
| ૨૫ | ડૉ. વિહાર જે. શાહ | ૧૧,૦૦૦/- |
| | સાગર સોસાયટી, બોડકદેવ, અમદાવાદ. | |
| ૨૬ | સી આર શેરદલાલ (હસ્તે શ્રી જયેશભાઈ શેરદલાલ) | ૧૦,૦૦૦/- |
| | ૭૦૨, પાર્શ્વનાથ એસ્ક્યુરે, કોર્પોરેટ રોડ, અમદાવાદ. | |
| ૨૭ | ડૉ. કિરણ સી. પટેલ | ૧૦,૦૦૦/- |
| | ૧૦૦૧, સ્ટ્રાફ્ટ લક્ઝુરિયા, વિજય ક્રોસ રોડ, અમદાવાદ. | |
| ૨૮ | સી.એ. સિધ્ધાર્થ નરેશચંદ્ર શાહ | ૧૦,૦૦૦/- |
| | ૧, શબરી એપાર્ટમેન્ટ, વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ. | |
| ૨૯ | રેણુકાબેન રજનીકાંત વોરા | ૧૦,૦૦૦/- |
| | ૪૧, નવયુગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ. | |
| ૩૦ | ભરતભાઈ એન. પટેલ તથા શ્રીમતી પ્રજ્ઞાબેન | ૧૦,૦૦૦/- |
| | **ફુલ દાન** | **૩,૫૯,૦૦૦/-** |

**“તારૂ કશું જ ન હોય તો છોડી બતાવ તું, તારૂ બધું જ હોય તો છોડી બતાવ તું.”**

**રાજેશ મીસ્કીન**

# આશીર્વાદ ફાઉન્ડેશન

## કાયદાકીય માન્યતાઓ

### 1. Bombay Public Act-1950

રજિ. નં.: ઈ-૩૧૪૧ તા.૧૯-૧૧-૧૯૭૭

### 2. Income tax Act-1961

આવકવેરા કાયદા અન્વયે
૮૦જી માન્યતા સર્ટિફિકેટ

Donations to Trust is eligible u/s 80G vide
URN : AAATA5858NF19783.
(Valid for financial year 2021-22 to 2025-26)

### 3. Income Tax Pan Card & TAN Number

PAN NO.: AAATA 5858N




TAN NO.: AHMA 01268 B

### 4. Goods and Service Tax-Act

GST NO.: 24AAATA5858N1ZE



### 5. Companies Act-2013

Companies Act, 2013 CSR eligibility
vide Registration Number : CSR00013876

**“ખબર તો પડશે જઈએ ચાલ, સૌ પાસે જખમ લઈને,
ઉભા છે કોણ દુનિયામાં, નમક લઈને, મલમ લઈને.”**
**બેફામ**